# : મનોચિકિત્સા માટે દરદીનું પરીક્ષણ :

પ્રશ્ન–૧

ડોક્ટર, માત્ર વ્યક્તિ સાથે વાતચીત કરવાથી કઈ રીતે ખબર પડે કે તે માનસિક માંદગીથી પીડાય છે.?

ઉત્તર–૧

નિષ્ણાત મનોચિકિત્સક દ્વારા કરેલ દાક્તરી પધ્ધતિની પૂછપરછ અને અવલોકનથી ઘણી જરૂરી માહિતી પ્રાપ્ત થાય છે. કુંટુબીજનો અને મિત્રો પાસેથી પ્રાપ્ત થયેલ માહિતી નિદાન કરવામાં સહાયરૂપ બને છે. મનોચિકિત્સક મૂડ, વિચાર અને વર્તન જેવા પરિબળોની છણાવટ કરે છે અને તેની તુલના નિર્ધારિત ધોરણ સાથે કરીને શક્ય નિદાન વિચારી શકે છે.

પ્રશ્ન –૨

શું મગજના ફોટા જેવા કોઈક ટેસ્ટ કરવા જરૂરી નથી?

ઉત્તર–૨

માનસિક બીમારીમાં આંતરિક અને બાહ્ય પરિબળો મગજની રાસાયણિક ક્રિયાઓ પર અસર કરે છે જેનાથી રોગના લક્ષણો પેદા થાય છે. આવા સૂક્ષ્મ રાસાયણિક ફેરફાર મગજના સામાન્ય સ્કેન (CT/MRI) પર દેખાતા નથી બીમારીના લક્ષણો જો મગજની શારીરિક બીમારી(દા.ત.મગજની ગાંઠ) ની આશંકાથી હોય તો સ્કેન ઉપયોગી થઈ શકે.

બાકીના શારીરિક સ્વાસ્થ્યની ચકાસણી મનોચિકિત્સકની પૂછપરછ અને પરીક્ષણથી થાય અને જરૂર લાગે તો આવશ્યક તપાસ કરી શકાય.

પ્રશ્ન – ૩

ડોક્ટર, સાઈકોલોજીકલ ટેસ્ટ (સાઈકોમેટ્રી) શું છે ?

ઉત્તર–૩

આ માનસશાસ્ત્રએ વિકસાવેલા પ્રમાણભૂત પરીક્ષણ છે. પ્રશ્નો, ચિત્રો, છબીઓ, કોયડા અને અન્ય વિવિધ પ્રકારની તપાસોથી મનના વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરી શકાય છે. આ પરીક્ષણ તાલીમબધ્ધ ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ દ્વારા કરવામાં આવે છે. અમુક નિદાન અને સારવારમાં આ તપાસો મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે.

પ્રશ્ન –૪

મારા મિત્રએ હમણાંજ મનોચિકિત્સકની મુલાકાત લીધી હતી. એને તો પરીક્ષણ દરમ્યાન ઘણી બધી અંગત વિગતો પૂછવામાં આવી, તે શા માટે ?

ઉત્તર–૪

મનોચિકિત્સાના સચોટ નિદાન અને સારવાર માટે વ્યક્તિની માનસિક દ્રષ્ટિએ છણાવટ સંપૂર્ણપણે કરવી જરૂરી છે. જન્મથી માંડીને આખો જીવન ઇતિહાસ અને બીમારીમાં ફાળો આપતી ઘટનાઓ અને તણાવ જાણવા અગત્યના છે. બીમારી પહેલાની કાર્યદક્ષતા, વ્યવહાર અને મૂળ વ્યક્તિત્વનું સમજવું પણ આવશ્યક છે. તકલીફના સામાજિક અને વારસાગત કારણો જાણવા માટે કૌટુંબિક ઇતિહાસ અને વાતાવરણ વિષે સમજવું મહત્વનું છે.

રોજબરોજની જિંદગીમાં પરસ્પરના સંઘર્ષમય સંબધોની છણાવટ પણ આવશ્યક છે.

પ્રશ્ન–૫

શું આટલી બધી અંગત માહિતી આપવી સલામત છે ?

ઉત્તર –૫

મનોચિકિત્સક તેમના વ્યાવસાયિક કામ માટે દરદીની અંગત માહિતી વિષે ગોપનીયતા (confidentiality) જાળવવા માટે બંધાયેલ છે. એટલે વિનાસંકોચ દરદી અને કુટુંબીજનોઓએ માહિતી આપવી જોઈએ.

અપવાદરૂપે સારવારના હેતુથી ઘણી વખત આ માહિતી બીજા ડોક્ટર અથવા સાઈકોલોજીસ્ટ સાથે ચર્ચા કરવી જરૂરી થઈ જાય છે. (તેઓ પણ ગોપનીયતા જાળવવા બંધાયેલ છે.)

પ્રશ્ન–૬

ડોક્ટર, તમે કેમ દરદીના કોઈ કુટુંબી અથવા અંગત વ્યક્તિને નિદાન અને સારવાર દેખરેખમાં શામેલ કરવાનો આગ્રહ ધરાવો છો ?

ઉત્તર–૬

દરદીને લગતી મહત્વની માહિતી અંગત વ્યક્તિ જ સૌથી વ્યવસ્થિત રીતે આપી શકે છે. ઘણી વખત ખૂબજ પરેશાન, ગુંચવાયેલ અથવા આક્રમક દરદી સચોટ માહિતી આપી શકતા નથી એટલે પણ નજીકના લોકોનું અવલોકન મહત્વનું થઈ જાય છે.

કુટુંબીજનો માટે પણ આ માંદગી સમજવી બહુ જરૂરી છે જેથી ઇલાજ માટે વ્યવસ્થિત અને સમયસર નિર્ણયો લઈ શકાય અને સારવાર માટેની દેખરેખનું મહત્વ સમજી શકાય. કૌટુંબિક અને સામાજિક પીઠબળ હોય તો સારવારના પરિણામમાં ખૂબ મોટો ફરક પડી શકે છે.

પ્રશ્ન–૭

ડોક્ટર, મારી મનોચિકિત્સા (Psychiatry) ની સમજ તો અંગ્રેજી સાહિત્ય અને હોલીવુડના ચલચિત્રો પર આધારીત છે. તમે સમજાવેલ પધ્ધતિ અને મારી ધારણામાં તો ખૂબ મોટો ફરક છે.

ઉત્તર–૭

તમારી વાત એકદમ સાચી છે ! દરેક સંસ્કૃતિનો અભિગમ જુદો હોય છે. એટલે કામ કરવાની પધ્ધતિની સરખામણી કરી શકાય નહીં.

હજુ પણ ઘણાં લોકો મનોચિકિત્સાને “કાઉચ” (Couch) સાથે સાંકળી લે છે. આનો ઉપયોગ સાઈકોએનાલીસીસ એટલે કે વ્યક્તિના મનનું પૃથ્થકરણ કરવામાં થાય છે જે થેરેપીનો એક પ્રકાર છે. આધુનિક મનોચિકિત્સામાં સાઈકોએનાલીસીસનો ભાગ બહુ જ મર્યાદિત છે.

પ્રશ્ન –૮

ડોક્ટર, અસહયોગી અથવા ખૂબ જ આક્રમક વ્યક્તિને મનોચિકિત્સક પાસે કેવી રીતે લાવી શકાય?

ઉત્તર–૮

આ થોડું મુશ્કેલ અને કુનેહભર્યુ કામ છે. સૌ પ્રથમ તો એકાદ મનોચિકિત્સક સાથે આ વિષે ચર્ચા કરો. એ તમને તમારાં વાતાવરણને અનુરૂપ શક્ય એવા પર્યાયો જણાવી શકશે.

આને માટે ક્યારેક મિત્ર, ફેમિલી ડોક્ટર, સામાજિત સંસ્થા અથવા કોઈ લાગતીવળગતી સત્તાની મદદ પણ લેવી પડે. ડોક્ટર દ્વારા ઘરે દરદીની મુલાકાત, દવા/ઇંજેક્શનનો ઉપયોગ અથવા તાત્કાલિક સેવા આપતી હોસ્પિટલમાં ભરતી કરવાના પર્યાય પણ હોઈ શકે.

માનસિક રીતે ખૂબજ હતાશ થયેલ દરદી મનોચિકિત્સક ને મળવા માટે કદાચ ઉત્સાહિત ન હોય તો સમજાવટ અને કળથી કામ લઈ શકાય. સાજા થયેલ દરદી અથવા એકાદ તટસ્થ વડીલ આવી પરિસ્થિતિમાં મદદરૂપ થઈ શકે છે.

સારવાર માટે અનિયમિત અથવા અસહયોગી વ્યક્તિને શક્ય એટલી જલદી મદદ મળવી જોઈએ જેથી કરીને પરિસ્થિતિ વણસે નહીં અને આગળ જતા અણગમતાં પગલા લેવાનું ટાળી શકાય.

પ્રશ્ન – ૯

માનસિક સારવારમાં દરદીને હોસ્પિટલમાં ભરતી કરવાનું ક્યારે જરૂરી બને છે ?

ઉત્તર–૯

મનોરોગીની કોઈપણ ગંભીર સ્થિતિમાં અથવા કટોકટીના સમયે બીમારી પર ઝડપથી કાબૂ લાવવા માટે ટુંકા સમય માટે હોસ્પિટલમાં ભરતી કરવું જરૂરી છે. કેટલીક વખત અલગ અલગ કારણોસર દરદીને ઘરે સારવાર આપવી અશક્ય થઈ જાય છે ત્યારે હોસ્પિટલની સુવિધામાં અનુભવી અને

જાણકાર કર્મચારીઓની દેખરેખ હેઠળ સંભાળ જરૂરી છે. ECT જેવી સારવાર પણ હોસ્પિટલની સુવિધામાં જ થાય છે. નશામુક્તિની સારવારની શરૂઆત હોસ્પિટલમાં રહીને થાય એવું ઇચ્છનીય છે.

બિલકુલ ન સુધરતા અથવા વારંઘડીએ બીમાર થતાં દરદીઓ માટે હોસ્પિટલમાં લાંબા ગાળાની સારવાર અનિવાર્ય થઇ જાય છે. ઘણી વખત સામાજિક અને વ્યક્તિગત કારણોસર પણ દરદીને ઘરે રાખવું શક્ય ન હોય તો હોસ્પિટલની સારવાર વિચારી શકાય.

પ્રશ્ન-૧૦

મુંબઈ શહેરમાં માનસિક દરદીની સારવાર માટે કયા કયા પર્યાય ઉપલબ્ધ છે?

ઉત્તર-૧૦

મોટા ભાગના ઉપલબ્ધ પર્યાય નીચે મુજબ વિભાજીત કરી શકાય છે.

૧) મોટા ભાગની સરકારી અને નગરપાલિકાની હોસ્પિટલોમાં મનોચિકિત્સકની સેવા ઉપલબ્ધ હોય છે. શૈક્ષણિક હોસ્પિટલોમાં પૂર્ણપણે કાર્યરત મનોચિકિત્સાના વિભાગ હોય છે જેમાં મનોચિકિત્સક ઉપરાંત સહયોગી નિષ્ણાતોની ટીમ હોય છે. આ સુવિધાઓમાં બાહ્ય રૂગ્ણવિભાગ (O.P.D.) અને તાત્કાલીન સેવા અને દાખલ કરવાની વ્યવસ્થા પણ હોય છે. મુંબઈ શહેર ઉપરાંત બહારગામના દરદીઓ પણ અહીં લાભ લે છે અને ખર્ચાની દૃષ્ટિએ ગરીબ લોકોને પણ પરવડી શકે છે.

૨) રાજ્ય દ્વારા ચલાવતી મેન્ટલ હોસ્પિટલ (Mental-Institute) અહી O.P.D. ઉપરાંત ભરતી કરવાની વિશાળ સુવિધા હોય છે. કોર્ટના આદેશ દ્વારા આવનાર દરદીઓ પણ અહીં રહે છે. લાંબા ગાળાની સારવાર માટે દરદીઓને અહીં રાખી શકાય છે. સારવાર આપવા માટે મનોચિકિત્સાના બધાજ નિષ્ણાતોની ટીમ સેવા આપે છે.

૩) પરવાનગીવાળા મનોચિકિત્સાલય (ખાનગી નર્સીંગ હોમ અને હોસ્પિટલ)

૪) ખાનગી સર્વસામાન્ય હોસ્પિટલ (Private Hospital)

પ્રાથમિક સુવિધાઓ અને સલાહમંત્રણાની સુવિધા પૂરી પાડે છે. આ હોસ્પિટલો પાસે તાત્કાલિક સેવા અથવા દાખલ કરવાની સુવિધા હોય જ એવું જરૂરી નથી.

૫) ખાનગી પ્રેક્ટિસ કરતા મનોચિકિત્સક અને બીજા નિષ્ણાતો.-તેઓ સલાહમંત્રણા (consultation) દ્વારા ઇલાજ આપે છે. કેટલાક ટીમમાં મળીને કામ કરે છે. ઘણી વખત તેઓ હોસ્પિટલ અથવા તો સેવાભાવી સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હોય છે.

૬) સખાવતી દવાખાના (Charitable Clinics) -ટ્રસ્ટ દ્વારા ચલાવતી હોસ્પિટલો જેમા દર્દીને રાહતના દરે સેવા મળે છે. ફીનું માળખું સરકારી અને ખાનગી સંસ્થાની વચ્ચેનું હોય છે. ઉપલબ્ધ સેવાઓ સંસ્થાના કદ અને સુવિધાઓ પર નિર્ભર થાય છે.

૭) આ ઉપરાંત (સરકારી/સખાવતી/ખાનગી)નશામુક્તિ કેન્દ્ર, બાળ માર્ગદર્શન કેન્દ્ર અને પુનર્વસનકેન્દ્રની સેવાઓ પણ ઉપલબ્ધ છે.